सत्यमेव जयते

| | |
|---|---|
| GJBK040015252013 | કેસ દાખલ તા.:૦૮/૦૫/૨૦૧૩<br>કેસ નોધ્યા તા.:૦૮/૦૫/૨૦૧૩<br>ઠરાવ જાહેર તા.: ૨૪/૦૪/૨૦૨૬<br>---------------------<br>અવધિ : દિવસ, , માસ, , વર્ષ. |

## FORM-A

| | |
|---|---|
| આંક– | |
| અદાલતનું નામ | ડીસાના મહેરબાન ત્રીજા એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, મુ.ડીસા. |
| ચુકાદાની તારીખ | તા. ૨૪ /૦૪/૨૦૨૬ |
| એફ.આઈ.આર.ની વિગત | ડીસા સીટી દક્ષિણ પો.સ્ટે સેકન્ડ ગુ.ર. નં.૩૧૦૪/૨૦૧૩ |
| ગુનો | ધી ફોરેનર્સ એકટની કલમ–૩(૨)(ડી)(ઈ)(૧), તથા ૧૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી | એસ.એસ. મોઢ |
| આરોપી | શંકરભાઈ ઉર્ફે પ્રકાશ અણદાજી માળી<br>રહે. કુંન્દરી, ખાલેજ કોલોની<br>તા. નિરપુર, જી.અમીરકોટ (પાકીસ્તાન)<br>હાલ રહે. જોધપુર મહામંદિર રોડ,<br>ત્રીજી પોળની પાસે, શકિતનગર વડલા પાસે,<br>તા.જી. જોધપુર,(રાજસ્થાન) |
| આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી | એમ.એ.ખોપકર |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૫/૦૪/૨૦૧૩, ક.૧૭–૩૦ વાગ્યે |
| એફ.આઈ.આર. તારીખ | તા.૨૫/૦૪/૨૦૧૩, ક.૧૮–૩૦ વાગ્યે |
| ચાર્જશીટ દાખલ તારીખ | તા.૦૮/૦૫/૨૦૧૩ |
| ચાર્જફ્રેમ તારીખ /પ્લી | તા.૨૦/૦૮/૨૦૧૫ |
| પુરાવો ચાલુ થયા તારીખ | – |
| ચુકાદા માટે રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | તા. ૨૪/૦૪/૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**આરોપીની વિગત**

| આરોપી નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન / નિર્દોષ | કરવામા આવેલ સજા | ફો.કા.સં. ની કલમ –૪૨૮ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શંકરભાઈ ઉર્ફે પ્રકાશ અણદાજી માળી | – | – | – | – | – | – |

**FORM – C**

ફરીયાદપક્ષે /બચાવપક્ષે/ અદાલત તર્ફે સાહેદ યાદી

ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૦૯ | મણીલાલ શીવાભાઈની જુબાની | ફરીયાદી |
| ૧૩ | જસવંતભાઈ મોહનભાઈ દેવીપુજકની જુબાની | પંચસાહેદ |
| ૧૬ | ચંદુલાલ જીવરામભાઈની જુબાની | ત.ક.અ |
| ૧૭ | મહેશકુમાર બાબુલાલ શ્રીમાળીની જુબાની | સાહેદ |
| ૧૮ | કીશનલાલ અણદાજી માળીની જુબાની | સાહેદ |
| ૨૧ | કયુમ અબ્દુલગની શેખની જુબાની | સાહેદ |
| ૨૮ | નીકુંજભાઈ ગોવીંદલાલ સોલંકીની જુબાની | ત.ક.અ |

દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| ૧૦ | ફરીયાદ | – |
| ૧૪ | આરોપીનું શરીરસ્થિતીનું પંચનામું | – |

બ. બચાવપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

ક. અદાલતપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

ડ. કબ્જે કરેલ મુદામાલ

| અ.નં. | વિગત | આર્ટીકલ નંબર |
|---|---|---|
| ૧. | – | – |

## –:: ચુ કા દો ::–

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી પોતે પાકિસ્તાની નાગરીક હોઈ અને ભારતમાં જોધપુરમાં રહેવાનો આર.પી. વીઝા હોવા છતાં, તેનો ભંગ કરી, એ તા.૨૫/૦૪/૨૦૧૩ નારોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે આરોપી ડીસા શાક માર્કેટથી વગર પરવાનગીએ મળી આવી પકડાઈ જઈ, ગુનો કરેલ હોઈ તે સબંધે ફરીયાદીએ ફરીયાદ આપતા તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કરી, આરોપી વિરુધ્ધ પુરાવો પડતાં હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૦૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં આરોપી અદાલતમાં હાજર રહેતાં આરોપી ને વિનામુલ્યે પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાત્રી કર્યા બાદ, તેઓની સામેના ગુના અંગે સમજ આપી, ગુના સબબ આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવી, આરોપીનું નિવેદન આંક–૦૮ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી સામે ગુનાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩) **<u>કાનુની સહાય અંગે:–</u>**

આરોપી અદાલતમાં હાજર થતા તેમને તેના વિરુધ્ધમાં રહેલા કેસ અંગેની જાણ કરી તેમને એવુ જણાવવામાં આવેલ છે કે, જો તેઓ તેમની સામે રહેલા કેસનો બચાવ કરવા માટે આર્થીક રીતે સક્ષમ ન હોય તો તેમને ભારતીય બંધારણના આર્ટીકલ–૩૯(એ) તેમજ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અત્રેની અદાલતની તાલુકા કાનુની સ ેવા સમીતી ધ્વારા કાનુની સહાય તેમને નિયમાનુસાર મળી શકે છે. આ બાબતે આરોપીએ અદાલત રુબરુ એવુ જણાવેલ છે કે, તેઓ કાનુની સહાય મેળવવા માંગતા નથી અને તેઓ ધ્વારા તેમની પસંદગીના વકીલ કેસનો બચાવ કરવા માટે રાખવામાં આવેલ છે. એટલે કે, ભારતીય બંધારણના આર્ટીકલ–૨૨ તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૩ મુજબ આરોપીએ પોતાની પસંદગીના વકીલ આ કામમાં રોકવામાં આવેલ છે.

(૦૪) **<u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૧ :–</u>**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૧ની જોગવાઈઓ તેમજ ક્રીમીનલ મેન્યુઅલના પેરા નં.૧૩૫ ની જોગવાઈ ધ્યાને લઈ,અત્રેની અદાલતના ફોજદારી કેસમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ સરકારપક્ષે હાજર રહી

પ્રોસીક્યુટીંગનુ કામ કરેલ છે.

(૦૫) **<u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૦ :–</u>**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૦ની જોગવાઈ ઘ્યાને રાખી આ કામના આરોપી પર ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈ મુજબ આરોપીની આં ક–૦૮ થી પ્લી લેવામાં આવેલ છે જે બાબતે આરોપીએ ગુન્હો કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે જેથી આરોપી વિરૂઘ્ધની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ વધુ પુરાવો આપવો નથી તેવું મોખિક જાહેર કરતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતાં, આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલ નથી.

(૦૬) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપી તર્ફે વિ.વકીલશ્રી. એમ.એ. ખોપકરની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૦૭) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી પોતે પાકિસ્તાની નાગરીક હોઈ અને ભારતમાં જોધપુરમાં રહેવાનો આર.પી. વીઝા હોવા છતાં, તેનો ભંગ કરી, તા.૨૫/૦૪/૨૦૧૩ નારોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે ડીસા શાક માર્કેટથી વગર |

| | |
|---|---|
| (૨) | પરવાનગી એ મળી આવી, પકડાઈ જઈ, ફોરેનર્સ એકટની કલમ– ૩(૨)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ? શુ હુકમ.? |

(૦૮) <u>**ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે**</u> :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

<u>**–//:કા ર ણો://–**</u>

(૦૯) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

<u>**મુદ્દા નં. ૧ :–**</u>

(૯.૧)ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદી મણીલાલ શીવાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ એવું જણાવેલ છે કે, તા.૨૫/૦૪/૨૦૧૩ નારોજ તેઓ તથા અ.પો.કો. મહેશભાઈ બાબુલાલ ડીસા શહેરમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા ડીસા સરદાર બગીચા પાસે જતા, ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે શંકર ઉર્ફે પ્રકાશ અણદાજી માળી જે પાકીસ્તાન નાગરીક હોઈ તેના વીઝા જોધપુર રાજસ્થાનના હોવા છતાં, ડીસા આવીને રહે છે અને ડીસા શાકમાર્કેટ આગળ કુટની લારી રાખીને ધંધો કરે છે જે બતામી હકીકત મળતાં તેઓએ બે પંચના માણસોને બોલાવી, સમજ કરી, સાથે રાખી, સદરે હકીકત વાળી જગ્યાએ જતા એક ઈસમ કુટની લારી પાસે શંકાસ્પદ ઉભેલા હાજર મળી આવતાં, પંચો રુબરુ તેનું નામઠામ પુછતાં, પોતે પોતાનું નામ શંકર ઉર્ફે પ્રકાશ અણદાજી માળી રહે. મુળ કુંડરી, ખાલેજ કોલોની, તા.નીરપુર, જી.અમરકોટ,

પાકીસ્તાન, હાલ રહે.જોધપુરમાં મંદિર સી રોડ, ત્રીજી પોડની સામે, શકિતનગર વડલા પાસે, જોધપુર રાજસ્થાન તથા હાલ રહે.ડીસા સરગમ બંગ્લોઝ, ગાયત્રી મંદિર પાછળ, ડીસાનો હોવાનું જણાવ્યું. જેને ડીસા ખાતે આવવાનું તથા રહેવાનો કોઈ આધાર પુરાવો હોય તો રજુ કરવા જણાવતાં , નહી હોવાનું જણાવેલ અને તેની અંગ જડતી કરતાં કોઈ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહી જેથી કંઈ કબજે કરેલ નહી અને તેની શરીરસ્થિતીનું પંચનામું તેઓએ કલાક ૧૭/૦૦ થી ૧૭/૩૦ સુધીમાં કરેલું અને સદરે ઈસમ પાકીસ્તાનથી ભારતમાં પાસપોર્ટ વીઝા ઉપરથી આવી જોધપુર મુકામે રહેવાનું આરપી વીઝાના નિયમોનો ભંગ કરી, ગુનો કરેલ હોવાથી તેના વિરુધ્ધમાં ફોરેનર્સ એકટની કલમ-૩(૨)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબ કાયદેસર ની કાર્યવાહી સારુ તેઓએ શ્રીસરકાર તર્ફે ફરીયાદ આપતાં, પી.એસ.ઓ.શ્રી ચંદુભાઈ જીવરામભાઈ નાઓએ સે.ગુ.ર.નં.૩૧૦૪/૨૦૧૩ થી ફોરેનર્સ એકટની કલમ-૩ (૨)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરીને આગળની કાર્યવાહી માટે એ.એસ.આઈ.શ્રી સોનાભાઈ બુચાભાઈ ને તપાસ સોંપેલી છે. તેઓએ તેમની ફરીયાદ પી.એસ.ઓ.શ્રી ચંદુભાઈ જીવરામભાઈ સમક્ષ આપેલી જેની ખરી નકલ બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક-૧૦ થી રજુ છે. આરોપીને તેઓ અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષ દવારા સાહેદની હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓએ પોતાની ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે બાતમી તેઓએને મળેલ હતી, આ બાબતની તેઓએ કોર્ટને જાણ કરેલ ન હતી, તેઓએ ઉપલા અધિકારીને આ બાબતનો જાણ કરતો કોઈ આધાર પુરાવો

ફરીયાદ સાથે સામેલ કરેલો ન હતો, આરોપીને પકડાય બાદ તેઓએ ફરીયાદ આપેલી, દરેક બીટ જમાદારને સરકારી બાઈક યા સરકારી વાહન જીપ આપવામાં આવે છે, આ કામના આરોપી વિરુધ્ધ કોઈ ખાનગી વ્યકિતએ તેમને ફરીયાદ કે અરજી આપેલ હોય તેવું બનેલ નથી, તેઓએ આ કામે ફરીયાદ આપતાં પહેલાં રેડ અંગેની તેમજ કોઈ જાણવા જોગ નોંધ પોલીસ સ્ટેશનને આપેલ હોય તેવું બનેલ નથી. તેઓએ તો સીધી સરકાર તરફે ફરીયાદ જ આપેલ, પેટ્રોલીંગ અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી, કોઈપણ વ્યકિતના પ્રથમદર્શનીય પુરાવા વીઝા, પાસપોર્ટ, પરમીટ કે મીલકત સબં ધીના સરકારશ્રીમાંથી મેળવી શકાય છે, બનાવવાળો વિસ્તાર ભરચક વિસ્તાર છે અને તેની આજુબાજુ ઘણા બધા લારી ગલ્લા આવેલા છે, તેઓએ ફરીયાદ આપતાં પહેલાં આરોપીના સરનામા અંગે કોઈ ખરાઈ કરેલ નથી, ફરીયાદ સાથે કેટલા દસ્તાવેજ આપેલા તે ફરીયાદમાં તેઓએ દર્શાવેલ નથી, લેખી ત સવરુપમાં કોઈ ઈન્પુટ કે કોઈ અરજ અહેવાલ આ કામે મળી આવેલ નથી, દરેક પોલીસ સ્ટેશનમાં દેશ બહાર નાગરીકો રહે છે તેની માહીતી હોય છે અને આવી માહીતી આવા રજીસ્ટર પરથી આપી શકાય, ફરીયાદ આપતા પહેલાં કે ફરીયાદ વખતે આરોપી પાસેથી કોઈ વસ્તુ કબજે કરેલ નથી, ફરીયાદ પહેલાં કે ફરીયાદ બાદમાં તેમને આ કામે આરોપીને મળવાનો પ્રસંગ થયેલ નથી, ફરીયાદ પહેલાં તેમને આરોપી સંદર્ભે કોઈ તપાસનો પ્રસંગ બનેલ હોય તેવું બનેલ નથી, ફરીયાદ આપતાં પહેલા આરોપીનું કુંટુંબ કઈ જગ્યાએ રહે છે તેની તપાસ કરેલ નથી, આરોપીનું વીઝા અંગેની તપાસ પાસપોર્ટ ઓફીસમાં જઈ ખરાઈ કરવાનું બનેલ નથી, કોઈ વીઝાના કાગળો તેઓએ ફરીયાદ આપતાં પહેલાં મેળવેલા નથી, ડીસા સરહદી વિસ્તાર

છે અને બાજુમાં પાકીસ્તાનની બોર્ડર છે, જોધપુર જવું હોય, મુંબઈ જવું હોય તો આ સરહદનો ઉપયોગ થાય.

(૯.૨) ફરીયાદપક્ષે આંક–૧૩ થી પંચસાહેદ જસવંતભાઈ મોહનભાઈ દેવીપુજક નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ અદાલત સમક્ષની જુબાનીમાં એવું જણાવેલ છે કે બનાવ ઘણા વર્ષ પહેલાં બનેલ. બનાવમાં શું બનેલ તેની તેમને ખબર નથી. તેમને પોલીસે સહી કરવાનું કહેતાં સહી કરેલ. તે સિવાય તેમને બીજી કોઈ ખબર નથી. તેમને પંચનામાની ખરી નકલ બતાવતા, તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામું આંક–૧૪ થી રજુ છે.

આમ, આ પંચસાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને કે આંક–૧૪ થી રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી એ ફરીગયેલા જાહેર કરેલ છે.

બચાવપક્ષ દ્વારા પણ આ પંચસાહેદની કોઈ ઉલટ તપાસમાં લેવામાં આવેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત પંચસાહેદના પુરાવાથી આંક–૧૪ નું પંચનામુ પુરવાર થતુ નથી.

(૯.૩)ફરીયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ ચંદુલાલ જીવરામભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ અદાલત સમક્ષની જુબાનીમાં એવું જણાવેલ છે કે તેઓ તા.૨૫/૦૪/૨૦૧૩ નારોજ ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન તેમની સમક્ષ ફરીયાદી મણીલાલ શીવરામભાઈ એ ફરીયાદ આપતાં, તે ફરીયાદ તેઓએ ધારાસર રીતે ૧૫૪ ના ફોર્મમાં ઉતારી લઈ, આગળની તપાસ શ્રી. એ.એસ.આઈ મણીલાલ નાઓને સોંપેલી અને ત્યારબાદ આ કામની ચાર્જશીટ શ્રી સોનાભાઈ બુચાભાઈ દ્વારા દાખલ કરવામાં આવેલ અને આ સોનાભાઈ ગુજરી ગયેલ છે.

તેમને આંક–૧૦ વાળી ફરીયાદ બતાવતાં તેમાં રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષ દવારા સાહેદની હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓએ પોતાની ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે ફરીયાદ પોલીસ કર્મચારીએ જ આપેલી, ફરીયાદ આપવા આવેલા ત્યારે ફરીયાદી સાથે કોઈ આધાર પુરાવા લાવેલ નહી, સામાન્ય રીતે પોલીસ કર્મચારી ફરીયાદ નોંધાવે એટલે તેમની ફરીયાદ નોંધે છે, તેમને બનાવ અંગે જાત માહીતી નથી.

(૯.૪) ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ મહેશકુમાર બાબુલાલ શ્રીમાળી નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવું જણાવેલ છે કે તા.૨૫/૦૪/૨૦૧૩ નારોજ તેઓ તથા એ.એસ.આઈ. મણીલાલ ડીસા ટાઉનમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા ડીસા સરદાર બગીચા પાસે જતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે શંકર ઉર્ફે પ્રકાશ અણદાજી માળી જે પાકીસ્તાન નાગરીક હોઈ તેના વીઝા જોધપુર રાજસ્થાનના હોવા છતાં, ડીસા આવીને રહે છે અને ડીસા શાકમાર્કેટ આગળ ફ્રુટની લારી રાખીને ધંધો કરે છે જે બતામી હકીકત મળતાં તેઓએ બે પંચના માણસોને બોલાવી સમજ કરી, સાથે રાખી, સદરે હકીકત વાળી જગ્યાએ જતા, એક ઈસમ ફ્રુટની લારી પાસે શંકાસ્પદ ઉભેલા હાજર મળી આવતાં પંચો રુબરુ તેનું નામઠામ પુછતાં પોતે પોતાનું નામ શંકર ઉર્ફે પ્રકાશ અણદાજી માળી રહે.મુળ કુંડરી, ખાલેજ કોલોની, તા.નીરપુર, જી.અમરકોટ, પાકીસ્તાન વાળો હોવાનું જણાવી અને પોતાની જોધપુર રાજસ્થાનનો આર.પી. વીઝા ધરાવતો હોવાનુ જણાવેલ અને સદરે જગ્યાએ પોતાની હાજરી બાબતે આધાર પુરાવો રજુ કરવા જણાવતાં નહી હોવાનું જણાવતાં, સાથેના એ.એસ.આઈ. એ આ બાબતે વીગતવારનું

પંચનામુ કરી, સદરે ઈસમ વિરુધ્ધ ધી ફોરેનર્સ એકટની કલમ–૩(ર)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબ ફરીયાદ એ.એસ.આઈ. મણીલાલે આપેલી અને આ કામે તપાસ કરનાર અમલદાર સોનાભાઈ બુચાભાઈએ તેમનો જવાબ લીધેલો. તેઓ આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.

બચાવપક્ષ દવારા સાહેદની હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસ ઘ્યાને લેતા તેઓએ પોતાની ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે બનાવની તારીખે તેઓ ડીસા સીટી દક્ષિણ પોલીસ સ્ટેશનમાં ડી.સ્ટાફ તરીકે ફરજ બજાવતા હતા, ડી.સ્ટાફ કર્મચારીએ પી.આઈ. સાથે કામગીરી કરવાની હોય છે, બાતમી મળ્યા નો સમય અંદાજીત ૧૭ વાગ્યાનો હતો, ત્યારબાદ પાંચથી દસ મીનીટમાં બનાવના સ્થળે પહોંચેલ હતા, રાષ્ટ્ર વિરોધી ગુના અંગેની બાતમી મળે તો તેની જાણ ઉપરી અધિકારીને કરવાની હોય છે કે કેમ તેની તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે જે તે સમયે પોતે માત્ર કોન્સ્ટેબલ હતા અને પોતે એ.એસ.આઈ. સાથે હતા. એવી હકીકતો પણ કબુલ કરેલ છે કે તેઓએ નામદાર અદાલતને આ બાતમીની જાણ કરેલ નથી, બગીચાવાળો રસ્તો સાંજના સમયે ભરચક હોય છે, બનાવ અગાઉ આરોપી વિરુધ્ધ કોઈ ફરીયાદ કે અરજી આપવામાં આવેલ હોય તેવુ બનેલ નથી, આરોપી પાસેથી જે તે સમયે કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી, મુંબઈથી જોધપુર જવું હોય તો ડીસા થઈને જવાય, અમદાવાદ કે પાલનપુરથી જોધપુર જવું હોય તો ડીસા થઈ જઈ શકાય છે.

(૯.૫)ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ કીશનલાલ અણદાજી માળી નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવું જણાવેલ છે કે આરોપી શંકર તેમનો નાનો

ભાઈ થાય છે અને તે પાકીસ્તાનથી વીઝા મેળવી જોધપુર આવેલ હતો અને તે તેમના ભાઈ લક્ષ્મણના ત્યાં જોધપુર રહેતો હતો અને તે તેમને મળવા ડીસા આવતા પોલીસે તેને પકડી લીધેલ. આ સિવાય બીજું કંઈ જાણતા નથી અને ત્યારબાદ પોલીસે તેમના ઉપર કેસ કરેલો તેટલું જાણે છે અને તેને તા.૦૭/૦૬/૨૦૧૨ થી તા.૦૭/૦૬/૨૦૧૪ સુધીના વીઝા હતા. તેઓ સને ૨૦૦૧ થી ડીસામાં રહે છે અને ભારતનુ નાગરીકત્વ ધરાવે છે.

આમ, સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરીગયેલા જાહેર કરેલ છે અને ત્યાબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓને બનાવની કોઈ જાત માહીતી ન હોવાની હકીકતો કબુલ કરેલ છે જેથી આ સાહેદની જુબાની માનવા પાત્ર જણાતી નથી.

(૯.૬)ફરીયાદપક્ષે આંક–૨૧ થી પંચસાહેદ કયુમ અબ્દુલગની શેખ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવું જણાવેલ છે કે તા.૨૫/૦૪/૨૦૧૩ ના રોજ ડીસા દક્ષિણ પોલીસે તેમને પંચ તરીકે બોલાવી લખેલા તૈયાર પંચનામા ઉપર સહી કરાવેલી. પંચ નામાની હકીકત વીશે તેઓ કંઈ જાણતા નથી. તેમને આંક–૧૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.

આમ, આ પંચસાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને કે આંક–૧૪ ના પંચ નામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી એ ફરીગયેલા જાહેર કરેલ છે.

બચાવપક્ષ ધ્વારા પણ આ પંચસાહેદની કોઈ ઉલટ તપાસમાં લેવામાં આવેલ

નથી. તે સંજોગોમાં ઉપરોકત પંચસાહેદના પુરાવાથી આંક–૧૪ નું પંચનામુ પુરવાર થતુ નથી.

(૯.૭)ફરીયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ નીકુંજકુમાર ગોવીંદલાલ સોલંકી નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ એવું જણાવેલ છે કે તા.૨૬/૦૪/૨૦૧૩ નારોજ તેઓ ડીસા સીટી દક્ષિણ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુનાની તપાસ એ.એસ.આઈ. સોનાભાઈ બુચાભાઈ કરતા હોઈ અને આરોપી પાકીસ્તાનના વતની હોઈ, તેમણે વીઝાનો ભંગ કરી, ડીસામાંથી પકડાયેલ હોઈ, તે સબબની તપાસ એ.એસ.આઈ. સોનાભાઈ બુચાભાઈ એ તેઓને સોંપતાં, તેઓએ તપાસ સં ભાળી લીધેલ અને આરોપી વિરુધ્ધ અદાલતમાંથી રીમાન્ડ મેળવવા અરજી કરેલી. બાદ આગળની તપાસ ફરીથી એ.એસ.આઈ. સોનાભાઈ બુચાભાઈ નાઓને પરત સુપરત કરેલી. બાદ આરોપી વિરુધ્ધ એ.એસ.આઈ. સોનાભાઈએ પુરતો પુરાવો મળતો હોઈ ચાર્જશીટ કરેલ છે. આરોપીને જોયેથી તેઓ ઓળખી શકે.

બચાવપક્ષ દવારા સાહેદની હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓએ પોતાની ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ કરેલ છે કે આ કામના આરોપીની કસ્ટડી તપાસના કામે તેમને મળેલી અને આરોપીને રીમાન્ડ માટે રજુ કરેલ હતા. રીમાન્ડ મળ્યા પછી જોધપુર જઈ તપાસ કરેલ નથી. આ સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી.

(૧૦) **<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૧૦.૧)ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, સૌપ્રથમ એ હકીકત ધ્યાને લીધેલ છે કે ફરીયાદી ધ્વારા હાલના કામના આરોપી વિરૂધ્ધ ફોરેનર્સ એકટની

કલમ–૩(૨)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે જે બાબતની જોગવાઈ ધ્યાને લઈએ તો–

**Sec.3 Power to make orders.**

(2) In particular and without prejudice to the generality of the foregoing power, orders made under this section may provide that the foreigner--

(d) shall remove himself to, and remain in, such area in [India] as may be prescribed;

(e) shall comply with such conditions as may be prescribed or specified

(i) requiring him to reside in a particular place;

**Sec.14 Penalty for contravention of provisions of the Act, etc. -** Whoever.

(a) remains in any area in India for a period exceeding the period for which the visa was issued to him;

(b) does any act in violation of the conditions of the valid visa issued to him for his entry and stay in India or any part thereunder;

(c) contravenes the provisions of this Act or of any order made thereunder or any direction given in pursuance of this Act or such order for which no specific punishment is provided under this Act,

shall be punished with imprisonment for a term which **may extend to five years** and shall also be liable to **fine**; and if he has entered into a bond in pursuance of clause *(f)* of sub-section *(2)* of section 3, his bond shall be forfeited, and any person bound thereby shall pay the penalty thereof or show cause to the satisfaction of the convicting Court why such penalty should not be paid by him.

*Explanation.*—For the purposes of this section, the expression "visa" shall have the same meaning as assigned to it under the Passport (Entry into India) Rules, 1950 made under the Passport (entry into India) Act, 1920 (34 of 1920).

(૧૦.૨) આમ, હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષ ધ્વારા જે આક્ષેપ લગાવવામાં આવેલ છે તે મુજબ હાલના આરોપી પાકીસ્તાની નાગરીક છે અને જોધપુર, રાજસ્થાન ના આર.પી. વિઝા હોવા છતાં, તેઓ ડીસા, બનાસકાંઠામાં રહી અને નોકરી–ધંધો કરતા હતા અને આમ, ફોરેનર્સ એકટની કલમ–૩ માં જણાવેલ જોગવાઈઓનો ભંગ કરેલ હોય, હાલના આરોપી ધ્વારા સદર કાયદાની કલમ–૧૪ મુજબનો સજાપાત્ર ગુન્હો કરેલ છે.

હાલના કામે અદાલત સમક્ષ એ હકીકત આવેલ છે કે ફરીયાદીની ફરીયાદ આધારે કરવામાં આવેલ તપાસના અંતે તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ. સોનાભાઈ બુચાભાઈ નાઓ ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ પરંતુ હાલના કામે તેઓ મરણ ગયેલ હોય તેઓને તપાસી શકાયેલ નથી અને તેથી તેઓની તપાસમાં આરોપી વિરૂધ્ધની શું હકીકત ખુલવા પામેલ તેવી કોઈ હકીકત અદાલત સમક્ષ આવી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ ધ્વારા અન્ય કોઈ સાહેદની જુબાની દરમ્યાન આરોપીને લગતા તથા આરોપી વિરૂધ્ધની હકીકત પુરવાર કરી શકે તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. હાલના કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો આ કામના આરોપી પાકીસ્તાની નાગરીક છે તે દર્શાવવા ફરીયાદ પક્ષે આરોપીનો પાસપોર્ટ, વિઝા કે અન્ય કોઈ ઓળખનો પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલ નથી. તેમ છતાં, ફરીયાદપક્ષે આંક–૧૮ થી તપાસવામાં આવેલ સાહેદ

કીશનલાલ અણદાજી માળી નાઓની અદાલત સમક્ષની જુબાની ધ્યાને લઈએ તો આ કામના આરોપી શંકર ઉર્ફે પ્રકાશ અણદાજી માળી તેઓના નાના ભાઈ હોવાની હકીકત તથા તે પાકીસ્તાનથી વિઝા મેળવી જોધપુર આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે ત્યારે આ કામના આરોપી પાકીસ્તાની નાગરીક હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ જે વિઝા, આર.પી. વિઝા આધારે આરોપી ભારતમાં ફકત જોધપુર માંજ ફરી/રહી શકે અને ભારતના અન્ય કોઈ સ્થાને ફરી શકે નહી તે દર્શાવવા ફરીયાદપક્ષ ધ્વારા હાલના કામે સદર આર.પી. વિઝા પ્રસ્તુત કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષની હકીકત કે આરોપીને ફકત જોધપુરમાં જ નિવાસ કરવાના વિઝા મળેલ તે હકીકત અદાલત સમક્ષ પુરવાર થઈ શકતી નથી. વધુમાં આરોપીના ભાઈ સને ૨૦૦૧ થી ભારતીય નાગરીકત્વ ધરાવે છે ત્યારે આરોપી તેઓને મળવા આવેલ હોવાની હકીકત ફલિત થાય છે પરંતુ આરોપીએ પોતાને મળેલ વિઝાનો કોઈ ભંગ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ અદાલત સમક્ષ લાવી શકેલ નથી અને તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવે છે.

(૧૦.૩) વધુમાં હાલના કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી રજુ પંચનામાના પંચસાહેદો ને આંક–૧૩ થી તથા આંક–૨૧ થી તપાસતા, તેમને પોલીસે સહી કરવાનું કહેતાં સહી કરેલ હોવાની જ હકીકત જણાવે છે અને તે સિવાય તેમને બીજી કોઈ ખબર ન હોવાનું જણાવે છે અને આમ, આંક–૧૪ વાળુ પંચનામું પુરવાર થઈ શકતું નથી.

વધુમાં હાલના કામે અદાલત સમક્ષ આંક–૦૯ થી ફરીયાદી મણીલાલ શીવાભાઈ નાઓએ પોતાની ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે પરંતુ

આરોપી ડીસા શાકમાર્કેટ આગળ ફ્રુટની લારી રાખીને ધંધો કરતા હોવાની પોતે જણાવેલ હકીકત પુરવાર કરી શકેલ નથી, અને જે પંચો ઉપર આધાર રાખેલ છે તે પંચો ફરીગયેલ જાહેર થયેલ છે અને ફરીયાદીની હકીકતને સમર્થન આપતા નથી, વધુમાં તેઓની અદાલત સમક્ષની જુબાનીથી જણાઈ આવે છે કે સ્થળ ઉપર આરોપી પાસે ડીસા ખાતે આવવાનું તથા રહેવાનો કોઈ આધાર પુરાવો ન હતો અને આરોપીની અંગ જડતી કરતાં કોઈ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહી જેથી કંઈ કબજે કરેલ નહી, તે સ્થિતિમાં ફરીયાદી કયા આધારે એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે આરોપી અન્ય દેશના નાગરીક હતા અને આપેલ વિઝાની શરતોનો ભંગ કરેલ છે, તે હકીકત અદાલત સમક્ષ જણાવેલ નથી. વધુમાં આંક–૧૬ થી તપાસવામાં આવેલ સાહેદ ચંદુલાલ જીવરામભાઈ જેઓ હાલના કામની ફરીયાદ નોંધનાર અને ફરીયાદ દાખલ થઈ ત્યારે પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તેઓ પોતાની જુબાનીમાં સ્વીકારે છે કે આ કામના ફરીયાદી ફરીયાદ આપવા આવેલા ત્યારે કોઈ આધાર પુરાવા લાવેલ નહી. વધુમાં ફરીયાદી ધ્વારા પોતાને મળેલ બાતમીની કોઈ વિગત પોતાના ઉપરી અધિકારીને અથવા અદાલતને જણ કરેલ હોય તેમ બનેલ નથી અને ફરીયાદ આપતાં પહેલાં આરોપીના સરનામા અંગે કોઈ ખરાઈ કરેલ નહી હોવાનું તથા આરોપીનું કુંટુંબ કઈ જગ્યા એ રહે છે તેની તપાસ કરેલ નહી હોવાનું પણ જણાઈ આવે છે અને પોતે જયારે ફરીયાદ આપેલ ત્યારે કોઈ દસ્તાવેજ આપેલા નહી કે તેનું વર્ણન ફરીયાદમાં કરેલ નહી હોવાનું પણ જણાઈ આવે છે અને આમ, હાલના કામે ફરીયાદી ધ્વારા જે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે શંકાસ્પદ જણાઈ આવે છે અને ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારની

તપાસમાં શુ હકીકત ખુલવા પામેલ તે હકીકત આ કામના તપાસ કરનાર અમલદાર મરણ ગયેલ હોય અદાલત સમક્ષ આવી શકેલ નથી.

(૧૦.૪) નામદાર બોમ્બે હાઈકોર્ટ ધ્વારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજય વિ. ઓમકાર માનીકપાટીલ ક્રિમીનલ લો રીપોર્ટર (એમ.એચ.)૧૯૭૯ પાન નં.૪૨૧નો ચુકાદો ધ્યાને લેતાં જો પંચસાહેદો ફરીગયેલ જાહેર થયેલો હોય ત્યારબાદ અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ આરોપીઓને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી.

સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)માં પ્રસિધ્ધ થયેલા છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે માત્ર પોલીસ કર્મચારીના પુરાવા પર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહી.

માનસીંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જે. એલ. એચ. ઈ.એલ.એચ.સી. પાન નં. ૨૨૭૬૯૮ માં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ '' જો કોઈ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકા નો લાભ આપી શકાય.''

State Of Gujarat Versus Raijibhai Chaturbhai Solanki,[ AIR 1960 Guj 24]. It was held that "Where the law makes it obligatory for a search to take place in presence of Panchas and the only evidence on which the prosecution ask for a conviction of the accused is

police evidence the court will not ordinarily act on that evidence."

જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીને આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો અદાલત સમક્ષ પ્રસ્તુત થયેલ ન હોય, આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાય છે.

(૧૦.૫) હાલના કામે રેકર્ડ જોતા જણાઈ આવે છે કે આ કામના આરોપીના પાસપોર્ટ તથા વિઝા વિગેરે ની ફોટોકોપી પ્રસ્તુત છે પરંતુ તેને પુરાવામાં રજુ કરવામાં આવેલ નથી. વધુમાં એ હકીકત પણ જણાઈ આવે છે કે આ કામના આરોપી ધ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ મુજબની જોગવાઈ આધારે તેઓની વિરૂધ્ધનો કેસ પરત ખેંચવા સારૂ સરકારશ્રીમાં અરજી કરવામાં આવેલ અને તે બાબતે મુખ્યમંત્રી કાર્યાલય તરફથી નાયબ સચિવ ધ્વારા અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ નાઓને ક્રમાંક મુમક/Reg/2023/16094 તા.૩૧/૦૩/૨૦૨૩ થી પત્ર વ્યવહાર કરવામાં આવેલ અને એ હકીકત પણ જણાઈ આવે છે કે અંગત સચિવ નાઓ ધ્વારા અધિક મુખ્ય સચિવશ્રી નાઓને આ કામના આરોપી વિરૂધ્ધ નોંધાયેલ કેસ પરત ખેંચવા સારૂ જરૂરી પ્રક્રિયા નિયમાનુસાર હાથ ધરવાનું જણાવવામાં આવેલ અને ત્યારબાદ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી બનાસકાંઠા, પોલીસ અધિક્ષકની કચેરી બનાસકાંઠા નાઓ વચ્ચે પત્ર વ્યવહાર થયેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ આગળની કોઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોવાનું જણાઈ આવતું નથી.

(૧૧) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુના નિ:શંકપણ સાબીત

કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરું છું:

**<u>-: હુ ક મ :-</u>**

(૧) આરોપી શંકરભાઈ ઉર્ફે પ્રકાશ અણદાજી માળી, રહે. કુંન્દરી, ખાલેજ કોલોની, તા.નિરપુર, જી.અમીરકોટ (પાકીસ્તાન) હાલ રહે. જોધપુર મહામંદિર રોડ, ત્રીજી પોળની પાસે, શકિતનગર વડલા પાસે, તા.જી. જોધપુર,(રાજસ્થાન) નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે, સાથે કલમ-૩૫૩(૬) વંચાણે લેતા, તેઓની વિરૂધ્ધના ધી ફોરેનર્સ એકટની કલમ-૩(ર)(ડી)(ઈ)(૧) તથા ૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં થી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) હાલના કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવાનો તથા ત્યારબાદ તે જામીન તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૪ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ડીસા<br>
તારીખ: ૨૪/૦૪/૨૦૨૬

(પંકજ સુધીરભાઈ શાહ)<br>
ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ<br>
મેજીસ્ટ્રેટ, ડીસા, જી.બનાસકાંઠા.<br>
GJ01414.